# આજથી દક્ષિણ ગુજરાતમાં વરસાદી ઝાપટાંની શક્યતા

**41 ડિગ્રી** સાથે અમદાવાદ અને રાજકોટ સૌથી ગરમ

અમદાવાદ : ગુજરાતમાં ગરમીનો પ્રકોપ યથાવત્ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર નોંધાયો નથી. ઉત્તર ગુજરાત અને કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું, જ્યારે રાજ્યના બાકીના વિસ્તારોમાં તાપમાન સામાન્ય સ્તરે નોંધાયું હતું.

રાજ્યના શહેરોમાં આજે રાજકોટ અને અમદાવાદમાં 42 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. ઉપરાંત અમરેલી અને સુરેન્દ્રનગરમાં 41 ડિગ્રી, ગાંધીનગરમાં 41 ડિગ્રી, કંડલા એરપોર્ટ, ભાવનગર, ડીસા, વલ્લભ વિદ્યાનગર અને વડોદરામાં 40 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કચ્છના ભૂજમાં 38 ડિગ્રી, નલિયામાં 36 ડિગ્રી અને કંડલા પોર્ટ પર 39 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. દક્ષિણ ગુજરાતમાં સુરત અને દમણમાં 36 ડિગ્રી જ્યારે પોરબંદરમાં 35 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા ન હોવાનું જણાવ્યું છે. અમદાવાદમાં આગામી 24 કલાક દરમિયાન આકાશ અંશતઃ વાદળછાયું રહેવાની અને મહત્તમ તાપમાન 42 ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ ચોમાસું વધુ આગળ વધીને પશ્ચિમ-મધ્ય અને પૂર્વ-મધ્ય અરબી સમુદ્રના કેટલાક ભાગો, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગાણાના વિસ્તારો સુધી પહોંચી ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન ચોમાસું વધુ વિસ્તારોમાં આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ છે.

રાજ્યમાં 9, 10 અને 11 જૂને દક્ષિણ ગુજરાતના ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાઓ ઉપરાંત દમણ, દાદરા અને નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે.

12 જૂને વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની સંભાવના છે. દક્ષિણ ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાઓ ઉપરાંત દમણ, દાદરા અને નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

13 અને 14 જૂને રાજ્યના વધુ વિસ્તારોમાં વરસાદી માહોલ જામવાની શક્યતા છે.

# ઓપરેશન ડેલ્ટા હન્ટ હેઠળ 609 બાંગ્લાદેશીની ધરપકડ

**સૌથી** વધુ અમદાવાદ શહેરમાંથી 207 અને સૌથી ઓછા ખેડા જિલ્લામાંથી 22 ઝડપાયા

ગાંધીનગર : રાજ્યની સુરક્ષા અને ગેરકાયદેસર ઘૂસણખોરી સામે ગુજરાત પોલીસે હાથ ધરેલા ઓપરેશન ડેલ્ટા હન્ટ અંતર્ગત રાજ્યભરમાં વ્યાપક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તા. 6 જૂનના રોજ સાંજે 8 વાગ્યા સુધીમાં વિવિધ જિલ્લાઓમાંથી કુલ 609 ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી હોવાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે.ધરપકડ કરાયેલા લોકોમાં 161 પુરુષ, 323 મહિલાઓ અને 125 બાળકોનો સમાવેશ થાય છે. પોલીસ દ્વારા તેમની ઓળખ, રહેઠાણ, દસ્તાવેજો અને રાજ્યમાં પ્રવેશના માર્ગ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

જિલ્લાવાર આંકડા મુજબ અમદાવાદ શહેરમાંથી સૌથી વધુ 207 ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાંથી 64, સુરત શહેરમાંથી 120, ભરૂચ જિલ્લામાંથી 61 અને ખેડા જિલ્લામાંથી 22 વ્યક્તિઓને ઝડપી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજ્યના અન્ય વિસ્તારોમાંથી પણ સંખ્યાબંધ લોકોની અટકાયત કરવામાં આવી છે.

પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહીમાં ગેરકાયદેસર રીતે દેશમાં પ્રવેશ કરીને રહેતા બાંગ્લાદેશી - વિદેશી નાગરિકોને શોધી કાઢવા માટે સઘન ચકાસણી કરવામાં આવી રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર ધરપકડ કરાયેલા તમામ વ્યક્તિઓના દસ્તાવેજોની ચકાસણી, તેમના સ્થાનિક સંપર્કો તેમજ તેમને આશરો કે રોજગાર આપનાર વ્યક્તિઓ અંગે પણ તપાસ ચાલી રહી છે.

# ભાજપામાંથી રાજ્યસભામાં ચાર ઉમેદવારી નોંધાઈ

**ગુજરાતની** તમામ 11 બેઠકો પર ભાજપનો કબજો થવાનો માર્ગ મોકળો

**રાજુ** શુકલા, જીતેન્દ્ર કણઝારિયા, માનસિંહ પરમાર અને મુકેશ રાઠવાની ઉમેદવારી વખતે મંત્રીઓ અને હોદ્દેદારો હાજર રહ્યાં

ગાંધીનગર : રાજ્યસભાની દ્વિવાર્ષિક ચૂંટણી અંતર્ગત ગુજરાતમાંથી ભાજપાના ચારેય ઉમેદવારોએ આજે ગુજરાત વિધાનસભા ખાતે સેક્રેટરી સી બી પંડયા સમક્ષ ઉમેદવારી પત્રો ભર્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરની ઉપસ્થિતિમાં રાજુ શુક્લા, માનસિંહ પરમાર, મુકેશ રાઠવા અને જીતેન્દ્ર કણઝારિયાએ સત્તાવાર રીતે નામાંકન પત્રો રજૂ કર્યા હતા. આ પ્રસંગે વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી, રાજ્ય સરકારના મંત્રીઓ તેમજ ભાજપના પ્રદેશ હોદ્દેદારો અને આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ઉમેદવારી નોંધાવ્યા બાદ મીડિયા સાથે વાતચીત કરતાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે ગુજરાતની સ્થાપના બાદ પ્રથમ વખત રાજ્યસભાની તમામ 11 બેઠકો પર ભાજપના સભ્યો પહોંચવાના છે, જે રાજ્યના રાજકીય ઈતિહાસમાં ઐતિહાસિક ઘટના સાબિત થશે. તેમણે જણાવ્યું કે જનતાના પ્રચંડ સમર્થનના કારણે કોંગ્રેસ આજે માત્ર 12 ધારાસભ્યો સુધી સીમિત રહી છે અને રાજ્યસભાના સંદર્ભમાં ગુજરાત કોંગ્રેસમુક્ત બનવા જઈ રહ્યું છે. આ વખતે ભાજપે રાજ્યસભા માટે ઉમેદવારોની પસંદગીમાં યુવા નેતૃત્વ, સંગઠન પ્રત્યેની નિષ્ઠા અને વિવિધ સામાજિક વર્ગોના પ્રતિનિધિત્વને મહત્વ આપ્યું છે. પક્ષે બ્રાહ્મણ, ઓબીસી, રાજપૂત અને આદિવાસી સમાજમાંથી ઉમેદવારોને તક આપી સામાજિક સમતુલા જાળવવાનો પ્રયાસ કર્યો હોવાનું માનવામાં આવે છે.

મહેસાણા જિલ્લાના કડીના વતની અને બ્રાહ્મણ સમાજના રાજુ શુક્લા પક્ષના અનુભવી સંગઠનકાર તરીકે ઓળખાય છે. દેવભૂમિ દ્વારકાના 39 વર્ષીય જીતેન્દ્ર કણઝારિયા સથવારા સમાજમાંથી આવતા યુવા ઓબીસી નેતા છે. ગીર-સોમનાથના માનસિંહ પરમાર હાલ ભાજપ ઓબીસી મોરચાના પ્રદેશ પ્રમુખ તરીકે કાર્યરત છે અને તેઓ કારડિયા રાજપૂત સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે છોટાઉદેપુરના મુકેશ રાઠવા આદિવાસી સમાજના યુવા નેતા તરીકે જાણીતા છે.

# લીલા મરચાંનો ભાવ કિલોના 80થી સીધા 160 રૂપિયા

**ડીઝલ** મોંઘું થતાં ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધ્યો

**ટામેટા**, ડુંગળી અને લીલા શાકભાજીના ભાવ પણ ઉછળ્યા

**જોકે** લિંબુના ભાવમાં રાહત છે

### શાકભાજીના ભાવોમાં વધઘટ

- » લીલા મરચા કિલોનો ભાવ 80 રૂપિયાથી વધી160 થયો
- » ટામેટા 40 રૂપિયે કિલો થી વધી 60 થયો
- » બટાકાનો ભાવ 30 રૂપિયાથી વધી 40 થયો
- » ડુંગળીનો ભાવ 30 રૂપિયાથી વધી 40 થયો.
- » લિંબુનો ભાવ કિલો 200/220 થી ઘટી 160 થયો

સુરત : શહેરની શાકભાજી માર્કેટોમાં છેલ્લા કેટલાક દિવસોથી ભાવ વધારાનો માહોલ જોવા મળી રહ્યો છે. ડીઝલના વધતા ભાવોના કારણે ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં વધારો થતાં વિવિધ શાકભાજીના ભાવોમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે. ખાસ કરીને મરચાંના ભાવમાં થયેલો બમણો વધારો ગૃહિણીઓના બજેટ પર સીધી અસર કરી રહ્યો છે.

માર્કેટમાં થોડા સમય અગાઉ 80 રૂપિયા પ્રતિ કિલો વેચાતા લીલા મરચાંનો ભાવ હાલ વધીને સીધો 160 રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયો છે. વેપારીઓના જણાવ્યા મુજબ બહારગામથી આવતી આવકમાં ઘટાડો અને વાહનવ્યવહારના વધેલા ખર્ચને કારણે મરચાંના ભાવમાં આકસ્મિક તેજી જોવા મળી છે.

ટામેટાના ભાવમાં પણ વધારો નોંધાયો છે. અગાઉ 40 રૂપિયા પ્રતિ કિલો મળતા ટામેટાં હાલ 60 રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. બીજી તરફ રસોડાની આવશ્યક ચીજ ગણાતી ડુંગળીનો ભાવ પણ 30 રૂપિયાથી વધીને 40 રૂપિયા પ્રતિ કિલો થયો છે.

લીલા શાકભાજીમાં પણ ભાવવધારાની અસર સ્પષ્ટ જોવા મળી રહી છે. ચોલાઈ ભાજી સહિતના ભાજીપાલાના ભાવ વધીને 160 રૂપિયા સુધી પહોંચી ગયા છે. જેના કારણે સામાન્ય ગ્રાહકો માટે દૈનિક શાકભાજીની ખરીદી વધુ ખર્ચાળ બની રહી છે.

જોકે તમામ શાકભાજીમાં તેજી વચ્ચે લિંબુના ભાવમાં થોડી રાહત જોવા મળી છે. વરસાદી મોસમના આગમન પહેલાં લિંબુનો મબલખ પાક બજારમાં આવવાની શક્યતાઓ વચ્ચે અગાઉ 200 રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચેલા લિંબુના ભાવ ઘટીને 160 રૂપિયા પ્રતિ કિલો થયા છે. તેમ છતાં લિંબુ હજુ પણ સામાન્ય ગ્રાહકો માટે મોંઘી વસ્તુ ગણાઈ રહી છે.

વેપારીઓના મતે આગામી દિવસોમાં વરસાદી માહોલ અને આવક-જાવકની સ્થિતિ પર ભાવોની દિશા નિર્ભર રહેશે. જો ડીઝલના ભાવ અને પરિવહન ખર્ચમાં વધુ વધારો થશે તો અન્ય શાકભાજીના ભાવોમાં પણ વધુ તેજી જોવા મળી શકે છે. બીજી તરફ ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં માલની આવક થશે તો બજારમાં ભાવો સ્થિર થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

શહેરના ગ્રાહકો હાલ વધતી મોંઘવારી વચ્ચે રસોડાનું બજેટ સંતુલિત રાખવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, ત્યારે શાકભાજીના સતત વધતા ભાવોએ ચિંતામાં વધુ વધારો કર્યો છે.

# કચ્છના 6 માર્ગોને ફોરલેન બનાવવા 629 કરોડ મંજૂર

**ગ્રામ્ય** કનેક્ટિવિટી અને પ્રવાસનને મળશે વેગ

- » મુન્દ્રા-લુણી-વડાલા રોડના 4.1 કિલોમીટરનો માર્ગ
- » મુન્દ્રા-ઝરપરા-કાંડગરા-ધ્રબ 5.5 કિલોમીટરનો માર્ગ
- » નાવીનલ ગામ બાયપાસ રોડના 3.3 કિલોમીટરનો માર્ગ
- » મોટા કાંડગરા ગામના 4.5 કિલોમીટરનો માર્ગ

ગાંધીનગર : સીએમ ભૂપેન્દ્ર પટેલે કચ્છ જિલ્લાના મહત્વપૂર્ણ માર્ગ માળખાને વધુ સુદ્રઢ બનાવવા માટે 6 રસ્તાઓને ફોરલેન તરીકે વિકસાવવાના પ્રોજેક્ટને મંજૂરી આપી છે. આ માટે કુલ 629 કરોડની ફાળવણી કરવામાં આવી હોવાનું રાજ્ય સરકાર દ્વારા જણાવાયું છે. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર કચ્છના ગ્રામીણ વિસ્તારોને વધુ સારી રોડ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવવાના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. માર્ગોના વિસ્તરણ અને આધુનિકીકરણથી સ્થાનિક નાગરિકોની અવરજવર વધુ સરળ બનશે તેમજ પ્રદેશના આર્થિક અને પ્રવાસન વિકાસને પણ પ્રોત્સાહન મળશે.

મંજૂર કરાયેલા પ્રોજેક્ટોમાં મુન્દ્રા-લુણી-વડાલા રોડના 4.1 કિલોમીટરનું વિસ્તરણ, દેશલપર-સીરચા રોડના 5.1 કિલોમીટરનું વાઈડનિંગ અને સુધારણા કાર્ય, મુન્દ્રા-ઝરપરા-કાંડગરા-ધ્રબ તથા ઝરપરા ગામ બાયપાસ રોડના 5.5 કિલોમીટર, નાવીનલ ગામ બાયપાસ રોડના 3.3 કિલોમીટર, મોટા કાંડગરા ગામના 4.5 કિલોમીટર તેમજ મુન્દ્રા-ઝરપરા-કાંડગરા રોડના ચેઈનજ 19થી 39 સુધીના 20 કિલોમીટર માર્ગને ચાર માર્ગીય બનાવવાનો સમાવેશ થાય છે.આ માર્ગો ફોરલેન બનવાથી ગ્રામજનોને ઝડપી અને સલામત પરિવહનની સુવિધા મળશે. ઉપરાંત મુન્દ્રા પોર્ટ અને તેની આસપાસ આવેલા ઔદ્યોગિક તથા વ્યાપારી વિસ્તારોમાં અવરજવર કરતા ભારે વાહનો માટે પણ પરિવહન વધુ સરળ અને સુરક્ષિત બનશે. બાયપાસ માર્ગોના નિર્માણથી ગામોની અંદર ટ્રાફિકનું ભારણ ઘટશે અને માર્ગ સલામતીમાં વધારો થશે.

રાજ્ય સરકારનું માનવું છે કે માર્ગ સુવિધાઓમાં આ સુધારાથી કચ્છના પ્રવાસન ક્ષેત્રને પણ નવી ગતિ મળશે. કચ્છના વિવિધ પ્રવાસન સ્થળો સુધી પહોંચ વધુ સરળ બનતાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે. સાથે જ ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકો માટે રોજિંદા જીવનની સુવિધાઓમાં વધારો થતાં 'ઈઝ ઓફ લિવિંગ'ને પણ પ્રોત્સાહન મળશે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં માર્ગ માળખાના આધુનિકીકરણ અને કનેક્ટિવિટી વધારવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જેના ભાગરૂપે કચ્છના આ મહત્વપૂર્ણ માર્ગોના ફોરલેન પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે.

# નવા સત્રની શરુઆત સાથે જ સ્કૂલ રિક્ષા-વાનના ભાડામાં તોતિંગ વધારો

**નવા** શૈક્ષણિક સત્રના પહેલા દિવસે વાલીઓને ઝટકો

**બે વર્ષમાં** સીએનજીના ભાવમાં અંદાજે રૂ. 12નો વધારો

અમદાવાદ : શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રની શરૂઆતને લઈને વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ વાલીઓ માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રાજ્યભરમાં શાળા-કોલેજો શરૂ થતાં જ અમદાવાદ સ્કૂલ વર્ધી એસોસિએશને સ્કૂલ વાન અને રિક્ષાના ભાડામાં વધારો કરવાની જાહેરાત કરી છે, જેના કારણે વાલીઓના ઘરખર્ચ પર વધુ બોજ પડશે.

અમદાવાદ સ્કૂલ વર્ધી એસોસિએશનની આજે મળેલી મહત્વપૂર્ણ બેઠકમાં સર્વાનુમતે સ્કૂલ ટ્રાન્સપોર્ટેશનના ભાડામાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નિર્ણય મુજબ સ્કૂલ વાનના માસિક ભાડામાં રૂ. 200 અને સ્કૂલ રિક્ષાના ભાડામાં રૂ. 100નો વધારો કરવામાં આવ્યો છે. નવા દરો શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે અમલમાં આવશે.

છેલ્લા બે વર્ષથી સ્કૂલ વર્ધી વાહનોના ભાડામાં કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો. જોકે, આ સમયગાળા દરમિયાન સીએનજી ગેસના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. જૂન 2024માં સીએનજીનો ભાવ રૂ. 76.09 પ્રતિ કિલો હતો, જે જૂન 2026માં વધીને રૂ. 88.02 પ્રતિ કિલો થયો છે. એટલે કે બે વર્ષમાં અંદાજે રૂ. 12નો વધારો નોંધાયો છે.

# રાજેશ શુકલના પત્ની પાસે ૨.૭૨ કરોડનું સોનું

**ભાજપના** ચારેય રાજયસભાના ઉમેદવારોએ પોતાની મિલકતો જાહેર કરી

ગાંધીનગર : આજે રાજ્યસભાના ભાજપના ચારેય ઉમેદવારોએ વિધિવત ઉમેદવારી કરી હતી. આ સમયે ભાજપના પ્રદેશપ્રમુખ અને હોદ્દેદારો તેમની સાથે ઉપસ્થિત રહ્યાં હતાં. આ તમામે તેમની મિલકતો અને અન્ય વિગતો અંગ સોગંદનામુ રજૂ કર્યું હતું જેમાં રાજેશ શુકલાના પત્ની અંજલી પાસે ૨.૭૨ કરોડનું સોનું હોવાનું તેમણે જાહેર કર્યું છે.

**રાજેશ શુકલા પાસે એક રિવોલ્વર અને એક રાઇફલ**

રાજેશ પરમાનંદ શુક્લ (રાજુ શુક્લ) પાસે કુલ ૧,૭૭,૨૯,૦૫૩.૭૫ ની જંગમ મિલકત છે, જેમાં હાથ પરની રોકડ, બેંક ખાતાની થાપણો, ૩૭.૫૦ લાખના સોનાના અને ૮૧ લાખના ચાંદીના દાગીના તેમજ એક રિવોલ્વર અને એક રાઈફલનો સમાવેશ થાય છે. તેમની પત્ની અંજનાબેન પાસે ૨,૬૭,૫૧,૬૭૦.૮૮ ની જંગમ મિલકત છે, જેમાં મુખ્યત્વે ૨.૭૨ કરોડનું સોનું છે.

મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં કૃષિ અને બિન-કૃષિ જમીન, વાણિજ્યિક ઓફિસ તેમજ ગાંધીનગર અને કડીમાં રહેણાક મકાનો છે, જેનું મૂલ્ય ૨૫,૬૩,૩૧,૦૦૦ છે. જ્યારે તેમની પત્નીના નામે અંદાજિત ૩૨,૧૬,૬૫,૦૦૦ ની સ્થાવર મિલકત છે, જેમાં પેથાપુર, કોલવડા અને રાંધેજામાં વિવિધ જમીનો (૧૮% સંયુક્ત હિસ્સો), કડીમાં દુકાનો અને અડાલજમાં રહેણાક મકાન સામેલ છે. આર્થિક જવાબદારીઓ હેઠળ ઉમેદવાર પર ૨,૧૮,૩૮,૫૭૬.૦૮ (વાહન લોન અને અન્ય વ્યક્તિગત લોન) અને તેમની પત્ની પર ૪,૯૬,૫૫,૦૦૦ નું દેવું દર્શાવવામાં આવ્યું છે.

**મુકેશ રાઠવા અને તેમની પત્ની પાસે વાહન પણ નથી**

રાજ્યસભાના ઉમેદવાર મુકેશભાઈ રાઠવાની કુલ મિલકતોમાં માત્ર જંગમ મિલકતનો સમાવેશ થાય છે, જ્યારે તેમની પાસે કોઈ પણ પ્રકારની સ્થાવર (જમીન કે મકાન) મિલકત નથી. તારીખ ૩૧.૦૩.૨૦૨૬ની સ્થિતિએ મુકેશભાઈ પાસે આશરે રૂા. ૪૨,૦૦૦ની હાથ પર રોકડ છે, જ્યારે તેમના પત્ની ઉર્વશીબેન પાસે આશરે રૂા. ૫,૦૦૦ની રોકડ છે. બેંક ખાતાની થાપણોમાં મુકેશભાઈના એચ.ડી.એફ.સી. બેંક અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (કવાંટ)ના ખાતામાં અનુક્રમે રૂા. ૧૧,૦૮૭ અને રૂા. ૧,૪૯,૬૫૫ જમા છે, જ્યારે તેમના પત્નીના સ્ટેટ બેંક અને બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાં અનુક્રમે રૂા. ૧,૫૩,૪૭૬ અને રૂા. ૧,૧૨,૮૩૬ જમા છે. સોના-ચાંદીના રોકાણમાં મુકેશભાઈ પાસે આશરે ૯૩ ગ્રામ સોનું (કિંમત રૂા. ૧૨,૬૪,૮૦૦) અને ૮૦૦ ગ્રામ ચાંદી (કિંમત રૂા. ૨,૧૨,૮૦૦) છે; જ્યારે તેમના જ્યારે તેમના પત્ની પાસે આશરે ૧૧૭ ગ્રામ સોનું (કિંમત રૂા. ૧૫,૭૧,૨૦૦) અને ૧ કિલોગ્રામ ચાંદી (કિંમત રૂા. ૨,૬૬,૦૦૦) છે. ઉમેદવાર કે તેમના પત્ની પાસે કોઈ મોટર વાહન નથી.

**માનસિંહ પરમારના પરિવાર પાસે ૨.૭૫ કરોડની મિલકત**

રાજ્યસભા ચૂંટણીના સોગંદનામા અનુસાર, ભાજપના ઉમેદવાર માનસિંહ પરમાર અને તેમના પત્ની નિર્મળાબેન કરોડોની સ્થાવર અને જંગમ મિલકતો ધરાવે છે. તેમની પાસે ઉપલબ્ધ કુલ જંગમ મિલકત આશરે ૨.૪૪ કરોડ છે, જેમાં બંનેના થઈને આશરે ૧૮.૫૩ લાખના બેંક બેલેન્સ અને રોકડ, ૩૯.૪૨ લાખની કિંમતનું સોનું (૪૬૮ ગ્રામથી વધુ) અને ૫૦,૦૦૦ની એક રિવોલ્વરનો સમાવેશ થાય છે; આ સિવાય તેમણે અન્ય પેઢીઓ કે વ્યક્તિઓને આશરે ૧.૮૫ કરોડ લોન પેટે ધિરાણ આપેલા છે. સ્થાવર મિલકતોની વાત કરીએ તો, પરિવાર પાસે કુલ આશરે ૨.૭૫ કરોડની મિલકત છે, જેમાં ગીર સોમનાથ અને સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી ૨.૦૫ કરોડની કૃષિ જમીન, વલાદર ખાતે ૨૫ લાખની બિન-કૃષિ જમીન અને વેરાવળમાં ૪૫ લાખની કિંમતનો રહેણાંક ફ્લેટ સામેલ છે. બીજી તરફ, આ મિલકતોની સામે ઉમેદવાર પર ૧.૩૬ કરોડ અને તેમના પત્ની પર ૩૨.૫૫ લાખ મળીને કુલ આશરે ૧.૬૯ કરોડનું બેંક લોન અને કૃષિ ધિરાણનું દેવું પણ છે.

**જીતેન્દ્ર કણઝારિયા અને પત્નીની આવક ૧૦ લાખ પણ કાર નથી**

રાજ્યસભાના ઉમેદવાર જીતેન્દ્ર કણઝારીયાની શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો તેમણે વર્ષ ૨૦૦૯માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી B.Com અને વર્ષ ૨૦૧૧માં GTUમાંથી MCA (સેમ-૨) સુધીનો અભ્યાસ કરેલો છે.તેમની પાસે આશરે ૨,૫૦,૦૦,૦૦૦ની જંગમ મિલકત અને આશરે ૮,૦૦,૦૦૦ની સ્થાવર (વારસાગત) મિલકત છે, જ્યારે તેમના પત્ની ચંદનબેન પાસે આશરે ૫૦,૦૦,૦૦૦ની જંગમ મિલકત અને આશરે ૨૬,૭૦,૦૦૦ની સ્થાવર મિલકત રહેલી છે. ઉમેદવાર પાસે હાથ પર આશરે ૧,૭૫,૦૦૦ની અને તેમના પત્ની પાસે ૫૦,૦૦,૦૦૦ની રોકડ રકમ છે. તેમની પાસે આશરે ૮,૦૦,૦૦૦ની કિંમતનું ૬ તોલા સોનું અને ચંદનબેન પાસે આશરે ૨૬,૭૦,૦૦૦ની કિંમતનું ૨૦ તોલા સોનું છે, તેમની પાસે બે ટુ-વ્હીલર (હોન્ડા સીડી સાઈન અને TVS ડીલક્સ) તથા તેમના પત્ની પાસે એક હોન્ડા એક્ટિવા સ્કૂટર છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના આવકવેરા રિટર્ન મુજબ ઉમેદવારની કુલ આવક ૪,૮૮,૭૫૦ અને તેમના પત્નીની કુલ આવક ૫,૦૮,૮૮૦ દર્શાવવામાં આવી છે.

### સુડોકુ ૬૬૪૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૯ | ૬ | ૭ | ૪ | | ૫ | | |
| ૫ | ૭ | | | ૮ | ૬ | ૩ | | |
| | | ૪ | ૨ | | | | | ૬ |
| | | ૨ | | ૬ | ૮ | | ૭ | |
| | | | ૩ | | | ૬ | | |
| | ૬ | | | | ૯ | ૮ | | |
| ૯ | | | | ૩ | | ૧ | | ૮ |
| | | | ૮ | ૧ | | | ૫ | ૭ |
| | ૧ | ૮ | ૬ | ૯ | ૫ | | ૩ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૯ | ૬ | ૭ | ૪ | ૩ | ૫ | ૮ | ૧ |
| ૫ | ૭ | ૧ | ૯ | ૮ | ૬ | ૩ | ૪ | ૨ |
| ૮ | ૩ | ૪ | ૨ | ૫ | ૧ | ૭ | ૯ | ૬ |
| ૩ | ૫ | ૨ | ૧ | ૬ | ૮ | ૪ | ૭ | ૯ |
| ૧ | ૮ | ૯ | ૩ | ૭ | ૪ | ૬ | ૨ | ૫ |
| ૪ | ૬ | ૭ | ૫ | ૨ | ૯ | ૮ | ૧ | ૩ |
| ૯ | ૨ | ૫ | ૪ | ૩ | ૭ | ૧ | ૬ | ૮ |
| ૬ | ૪ | ૩ | ૮ | ૧ | ૨ | ૯ | ૫ | ૭ |
| ૭ | ૧ | ૮ | ૬ | ૯ | ૫ | ૨ | ૩ | ૪ |

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**માતાનું દૂધ વધારવા**

સ્વસ્થ માતાને બાલક પૂરતું દૂધ આવવું જોઈએ. વિક્ષેપ થાય તો બાલક ભૂખ્યું રહે, એની વૃદ્ધિ અટકી જાય. તાજી ગળો 20g વાટી, 350 મીલી પાણી મા ઉકાળી આશરે 70 મીલી બાકી રહે ત્યારે ગાળી લઇ, 100 મીલી ગાયના દૂધ સાથે પીવા આપવું.

# નાસીરનગર નકલી ડિમોલિશન વિવાદ હાઈકોર્ટ પહોંચ્યો

**૩૫ વર્ષથી** વસવાટ કરતા પરિવારોને બેઘર કરવાનો આક્ષેપ

**ડિમોલીશન** કાર્યવાહી પર રોક લગાવવાની માંગ કરાઈ

સુરતઃ શહેરના વેડ દરવાજા વિસ્તારમાં આવેલી નાસીર ઝૂંપડપટ્ટીમાં ચાલી રહેલી ડિમોલિશન કાર્યવાહી સામે એક રહેવાસીએ ગુજરાત હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. શેખ હુસૈન અઝીઝ નામના અરજદારે દાખલ કરેલી સ્પેશિયલ સિવિલ એપ્લિકેશનમાં ચીફ સેક્રેટરી અર્બન ડેવલપમેન્ટ, સુરત મહાનગરપાલિકા કમિશનર, પોલીસ કમિશનર અને નાયબ પોલીસ કમિશનર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સહિત સામે કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યા વગર મકાનો તોડી પાડવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે અને ડિમોલીશન કાર્યવાહી પર રોક લગાવવાની માંગ કરાઈ છે.

અરજદારનાં એડવોકેટ ઝમીર શેખનાં જણાવ્યાં મુજબ નાસીર વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી ડિમોલિશનની કામગીરી ચાલી રહી છે, જેમાં અંદાજે 150 જેટલા મકાનો અને શેડ તોડી પાડવામાં આવ્યા છે. જે મુદ્દે હાઈકોર્ટમાં રિટ કરવામાં આવી છે. જેમા અરજદાર દ્વારા દાદ માંગવામાં આવી છે કે તેઓ અને તેમનો પરિવાર છેલ્લા 35 વર્ષથી આ વિસ્તારમાં વસવાટ કરે છે અને મહાનગરપાલિકાને નિયમિત મિલકત વેરો પણ ચૂકવતા આવ્યા છે. આ ઉપરાંત વીજળીના બિલ સહિતના દસ્તાવેજો પણ તેમના લાંબા સમયથી રહેઠાણના પુરાવા તરીકે રજૂ કરવામાં આવ્યા છે. અરજીમાં જણાવાયું છે કે 29 મે, 2026ના રોજ મહાનગરપાલિકાના અધિકારીઓ પોલીસ બંદોબસ્ત સાથે નાસીર નગર પહોંચ્યા હતા અને કોઈ પૂર્વ નોટિસ કે સાંભળવાની તક આપ્યા વિના ડિમોલિશનની કાર્યવાહી શરૂ કરી હતી. અરજદારના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં 250થી વધુ પરિવારો વસવાટ કરે છે અને ચાલુ કાર્યવાહીથી મોટી સંખ્યામાં પરિવારો બેઘર થવાની સ્થિતિ સર્જાઈ છે.

હાઈકોર્ટ સમક્ષ કરવામાં આવેલી અરજીમાં દલીલ કરવામાં આવી છે કે ભારતના બંધારણની કલમ 300-એ હેઠળ કાયદાકીય પ્રક્રિયા વિના કોઈને તેની મિલકત અથવા કબજામાં રહેલી જગ્યા પરથી બેદખલ કરી શકાય નહીં. સાથે જ, "ગુજરાત પબ્લિક પ્રીમિસિસ (ઈવિકશન અનઓથોરાઈઝ્ડ ઓક્યુપન્ટ્સ) એક્ટ, 1972" મુજબ બિનઅધિકૃત કબજેદારને પણ ખાલી કરાવવા પહેલાં કારણદર્શક નોટિસ આપવી અને જવાબ રજૂ કરવાની તક આપવી ફરજિયાત છે. અરજદારે વધુમાં આક્ષેપ કર્યો છે કે પોલીસ તંત્ર દ્વારા સ્થાનિકોને જગ્યા ખાલી કરવાની ધમકીઓ આપવામાં આવી રહી છે અને ડિમોલિશનનો વિરોધ કરનારાઓ સામે ફોજદારી કાર્યવાહી કરવાની ચેતવણી અપાઈ રહી છે. પિટિશનમાં રાજ્ય સરકારને 2013ની પુનર્વસન અને પુનઃસ્થાપન (R|R) નીતિ મુજબ અસરગ્રસ્ત પરિવારોને વૈકલ્પિક આવાસ ફાળવવાનો આદેશ આપવા પણ માંગ કરવામાં આવી છે. ઉપરાંત, ડિમોલિશનની કાર્યવાહી પર તાત્કાલિક સ્ટે મૂકવા અને અંતિમ નિર્ણય સુધી રહેવાસીઓને બેદખલ ન કરવા હાઈકોર્ટ સમક્ષ વિનંતી કરવામાં આવી છે.

# રાજ્યમાં છેલ્લા 10 વર્ષમાં 73 સફાઈ કર્મીનાં મોતઃ કોંગ્રેસ

અમદાવાદઃ ગુજરાતમાં સેપ્ટિક ટાંકી, ગટર અને ખાળકૂવાની સફાઈ જેવી અમાનવીય અને અપમાનજનક પ્રથાઓ હજુ પણ ચાલુ છે. છેલ્લા 10 વર્ષમાં ગુજરાતમાં ગટર અને સેપ્ટિક ટાંકીની સફાઈ દરમિયાન 73 જેટલા સફાઈકર્મીઓના મોત થયા છે, જેના કારણે રાજ્ય સમગ્ર દેશમાં પાંચમા ક્રમે છે. તાજેતરમાં સુરતના ખાંડ બજાર વિસ્તાર સ્થિત રતી હાઉસના ETP પ્લાન્ટની ટાંકી સાફ કરવા ઉતરેલા ચાર સફાઈકર્મીઓના ગૂંગળામણના કારણે મોત થયા છે.

પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિરેન બેન્કરે જણાવ્યું હતુ કે, સુરત, અમદાવાદ, વડોદરા, મહેસાણા, રાજકોટ, ભરૂચ અને વલસાડ સહિતના વિસ્તારોમાં ગટર સફાઈ દરમિયાન ઝેરી ગેસના કારણે શ્રમિકોના મોતની અનેક ઘટનાઓ સામે આવી છે.

ભાવનગરની સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં પણ ગટર સફાઈ દરમિયાન એક વ્યક્તિનું મોત થયું હતું. દેશમાં છેલ્લા 10 વર્ષમાં કુલ 622 સફાઈકર્મીઓના મોત નોંધાયા છે, જ્યારે ગુજરાતમાં 73 મોત સાથે રાજ્ય પાંચમા સ્થાને છે.

### આજનું પંચાંગ

**તા.09/06/2026, મંગળવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : અધિક જેઠ
**તિથિઃ** વદઃ નોમઃ 26:36
**અયન** : ઉત્તરાયન **ઋતુ** : ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક** : જેઠઃ 19
**યોગ** : પ્રીતિ **કરણઃ** તૈતિલ
**નક્ષત્ર** : પૂ.ભા.: 9:40 પછી ઉ.ભા.
**રાશિઃ** મીન (દ.ચ.જ.થ.)
**દિવસ** : અશુભ
**સુરતમાં સૂર્યોદય** : 05:57 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:18
**નવકારસી** : 06:45
**પારસી વર્ષ** : 1395 દએ માસનો 29મો રોજ
**મુસલમાનવર્ષઃ** 1447 જિલ્હેજમાસનો22મોરોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ** : બપોરે 15:00થી 16:30 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** પ્રવાસના હેતુ પાર પડે. સરકારી કામમાં મદદ મળે. ગુપ્તભય સતાવે. કોઇની વાતોમાં આવવું નહી.

**વૃષભ (બ,વ,ઉ,):** અચાનક કોઇને મળવાનું બને. નવી તક ઊભી થાય. સંતાનોના કામ થાય. અભ્યાસમાં પ્રગતિ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** વેપાર ધંધામાં અનુકળતા રહે. પોતાની બુધ્ધિ કુશળતાથી નોકરીની જવાબદારી પૂર્ણ થાય.

**કર્ક (ડ,હ,):** પૂજા-પાઠ, ધર્મ-કર્મ અને તંત્ર મંત્રમાં મનને શાંતિ મળે. અચાનક શુભ સમાચાર મળે. આવક વધે.

**સિંહ (મ,ટ,):** કોર્ટ કચેરીમાં વિઘ્નો આવે. કામનો બોજ વધશે. સરકારી નોકરિયાતે લાલચથી બચવું

**કન્યા (પ,ઠ,ણ,):** ઉંમરલાયકના વિવાહ થાયે રોજના કામમાં મદદ મળે. આવક વધે. કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય.

**તુલા (ર,ત,):** આરોગ્ય નરમ રહે. નોકરીમાં નવી તક ઊભી થાય. હરીફો વધશે. ઉધાર લેવાનું ટાળવું.

**વૃશ્ચિક (ન,ય,):** મોજ-શોખ માટે પ્રવાસ થાય. મનપસંદ ભોજન મળે. પ્રેમમાં સફળતા મળે. આવક વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** જમીન, ખેતી, મકાન, વારસાને લગતા કામ પાર પડે. બહારના કામનો બોજ વધશે.

**મકર (ખ,જ,):** શુભ સમાચાર મળે. આત્મવિશ્વાસ વધશે. નવા કામની તક મળે. પ્રવાસમાં સાવધાની રાખવી.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આર્થિક બાબતે જોખમ લેવુ નહી. ઉધાર લેવા-દેવાનું ટાળવું. ખર્ચા વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ક્રિએટીવ અને સર્જનાત્મક કામથી યશ મળે. જાહેર જીવનમાં સાવધાની રાખવી ગુપ્ત ભય.

### કોઈ પણ સાલમાં 09 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. નોકરીમાં નવા ફેરફાર અને ટેકનોલોજી પ્રમાણે કામ કરવું પડશે. ધંધા વેપારમાં સરકારી નીતિના પ્રશ્નો સતાવે. સમાજમાં સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. છતાં કામમાં વિલંબ થાય. આરોગ્ય સામાન્ય રહે. વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ ટેકનોલોજી અને નવી નીતિ પ્રમાણેની સગવડ મળે. વિદેશનો કામમાં વિલંબ થાય. ઉંમર લાયકને યોગ્ય પાત્ર મળે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. નોકરી-ધંધા-સમાજ પરિવાર વગેરે ક્ષેત્રે હરીફો સતાવશે. નવા ઘર, વાહન, મકાન, વારસા, જાયદાદ, જમીન વગેરે કામમાં મિત્રો-વડીલો મદદરૂપ બનશે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. પ્રવાસ ધર્મથી શાંતિ મળે. માર્ચ-એપ્રિલ-ઓક્ટોબર-નવેમ્બર મંગળ, ગુરુવાર 9,18,27 તારીખે નવા કામ કરવા. લાલ રંગનો ઉપયોગ કરતા રહેવું. ડિસેમ્બર-જાન્યુઆરી, બુધ-શનિવાર- 8, 17, 26 તારીખે નવા કામ ટાળવા. સફેદ રંગ ઓછો વાપરવો. મંગળવારના ઉપાય કરવા.